* D E - 0 0 9 - 0 0 1 2 1 3 *

# DE-009-001213

Seat No. ________

## B. R. S. (CBCS) (Sem. II) Examination

**April / May – 2015**

## Animal Husbandry

(*Core - 4 A.H. - 202*)

**Faculty Code : 009**

**Subject Code : 001213**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**1** નીચેના MCQ પ્રશ્નોના યોગ્ય જવાબ આપો. **20**

(1) ''હે'' બનાવવા માટે નીચેના લીલાચારામાંથી કયો પાક પસંદ કરશો ?

(A) બાજરી (B) મકાઈ

(C) જુવાર (D) રજકો

(2) સ્થાયી દાંતની સંખ્યા કેટલી હોય છે ?

(A) 12 (B) 20

(C) 32 (D) 24

(3) ખરી હોજરી માંથી કયો રસ સ્ત્રાવિત થાય છે ?

(A) પિતરસ (B) જઠરરસ

(C) અગ્નિરસ (D) ઈન્સ્યૂલિન

(4) મકાઈનું અંગ્રેજી નામ કયું છે ?

(A) Maize (B) Sorghum

(C) Bajra (D) Lucerne

(5) બારેમાસ વાવેતર કરી શકાય તેવો નીચેનો કયો પાક છે ?

(A) બાજરી (B) જુવાર

(C) ઘઉં (D) મકાઈ

(6) વાગોળ પશુનાં કયા જઠરને ખેતર તરીકે ઓળખાવામાં આવે છે ?

(A) વાગોળ જઠર (B) મધપૂડો

(C) બહુપડો જઠર (D) ખરી હોજરી

(7) મોલાસીસમાં કયો પોષકતત્વ વધુ માત્રામાં હોય છે ?

(A) ચરબી (B) પ્રોટીન

(C) શર્કરા (D) પ્રજીવકો

(8) વાગોળ જઠરમાં ખોરાક અને પાણી સંગ્રહવાની ક્ષમતા કેટલી હોય છે ?

(A) 227 લિટર (B) 22 લિટર

(C) 7 લિટર (D) 11 લિટર

(9) ખોરાકમાં રહેલ પ્રોટીન તત્ત્વને પાચ્ય બનાવવા કયો પાચકરસ જવાબદાર હોય છે ?

(A) લાઈપેઝ (B) પેપ્સીન

(C) રેનીન (D) પિતરસ

(10) ગૌચર નબળા પડવાનું નીચેનું કયું કારણ જવાબદાર છે ?

(A) ગૌચરની જમીનનું ધોવાણ થવાથી

(B) ગૌચરની જમીનમાં ખેડાણ થવાથી

(C) ગૌચરની જમીનની માલિકીનો અભાવ

(D) એક પણ નહિ

(11) સ્વાદુપિંડ માંથી કયો પાચકરસ સ્ત્રાવિત થાય છે ?

(A) અગ્નિરસ (B) પિતરસ

(C) જઠર રસ (D) એક પણ નહિ

(12) વાગોળ પશુમાં કયા દાંત હોતા નથી ?

(A) કર્તનદંત (B) શૂલદંત

(C) દાઢ (D) દુધિયા દંત

(13) સાઈલેજમાં આથવણની પ્રક્રિયા સારી થાય તે માટે કયો પદાર્થ ઉમેરશો ?

(A) સોડા (B) યુરીયા

(C) મોલાસીસ (D) મીઠું

(14) સાઈલેજ નીચેનાં કયા વર્ગના પશુને ખવડાવવું ન જોઈએ ?

(A) દુધાળા (B) બળદો

(C) વસુકેલા (D) વોડકી

(15) ઉત્તમ સાઈલેજમાં કયું એસિડ વધુ હોય છે ?

(A) લેક્ટીક એસિડ (B) બ્યુટારીક એસિડ

(C) એસેટીક એસિડ (D) તેજાબ

(16) વાગોળ પશુનાં ઉપલા જડબામાં કર્તનદાંતની જગ્યાએ શું હોય છે.

(A) શૂલદંત (B) ડેન્ટલ પેડ

(C) દાઢ (D) પેલેટ

(17) પુખ્ત પશુને દૈનિક ખોરાકમાં સુકો પદાર્થ (Dry Matter) પશુનાં શરીરનાં વજનનાં કેટલા ટકા મળવું જરૂરી છે ?

(A) 2.5-3% (B) 10-20%

(C) 5-10% (D) 50-60%.

(18) ગૌચરની સુધારણા માટે કયા પગલાં લેશો ?

(A) જમીનની સુધારણા કરવી (B) વોકડા પુરવા

(C) વાડ કરવી (D) ઉપરનાં ત્રણે

(19) સાઈલેજ બતાવવા નીચેનો કયો પાક પસંદ કરશો ?

(A) મકાઈ (B) રજકો

(C) બરસીય (D) અડદ

(20) વાગોળ પશુની લાળગ્રંથીઓમાંથી દૈનિક કેટલી લાળ ઝરે છે ?

(A) 10 લિટર (B) 100 લિટર

(C) 5 લિટર (D) 50 લિટર

2 વાગોળ પશુનાં પાચનતંત્રના અંગોનું વર્ગીકરણ કરી, વાગોળ જઠર વિશે લખો. **10**

3 નીચેના કોઈપણ **એક** પ્રશ્નનો જવાબ લખો : **10**

(1) પશુ પોષણનું મહત્ત્વ સમજાવો.

(2) ગૌચર એટલે શું ? ગૌચરના પ્રકારો સમજાવો.

4 રજકા લીલાચારાની ખેતી પદ્ધતિ સમજાવો. **10**

**અથવા**

4 સાઈલેજની વ્યાખ્યા આપી, સાઈલેજના ફાયદા-ગેરફાયદા સમજાવો. **10**

5 ટૂંકનોધ લખો : (ગમે તે **બે**) **10**

(1) પશુને ખોરાક આપતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ.

(2) પશુ આહારનું વર્ગીકરણ

(3) સઘન ચારાખેતીનું આયોજન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.

6 લીલા ચારાની સુકવણી એટલે શું ? ''હે'' બનાવવા માટેની ખેતરમાં સુકવણીની રીત વિશે લખો. **10**

---